**આવો, ઈસુને મળો - ૩**

૩

# ઈસુ આપણો શિક્ષક

**લેખક**

**ખ્રિસ્તાનંદ**

કૅથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ, સન્માન હોટલની બાજુમાં,
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર, અમદાવાદ ૩૮૦ ૦૧૪

**ધર્માધ્યક્ષની મંજૂરી**
ડૉ. ચાર્લ્સ ગોમ્સ, એસ. જે.
અમદાવાદના ધર્માધ્યક્ષ
૦૧–૦૧–૧૯૮૭
**ધર્માધિકારીની મંજૂરી**
અંતોની શંકુરિકલ, એસ . જે.
ઉપરી, ઈસુસંઘ, ગુજરાત પ્રાંત
૧૫–૦૧–૧૯૮૭
© સી. આઈ. એસ. એસ.
પ્રથમ આવૃત્તિ : ૧૯૮૭ – નકલ : ૨૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૧ – નકલ : ૩૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૩ – નકલ : ૫૦૦૦
પુનર્મુદ્રણ : ૧૯૯૫ – નકલ : ૧૦,૦૦૦
પાંચમી આવૃત્તિ : ૧૯૯૯ – નકલ : ૧૨,૦૦૦
છઠ્ઠી આવૃત્તિ : ૨૦૧૩ - નકલ : ૧૦૦૦
સાતમી (સુધારેલી) આવૃત્તિ : ૨૦૧૪ - નકલ : ૨૦૦૦

**પ્રકાશક : વર્ગીસ પૉલ, એસ. જે.**
કૅથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ, સન્માન હોટલની બાજુમાં,
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર, અમદાવાદ ૩૮૦ ૦૧૪

**મુદ્રક :** આણંદ પ્રેસ, ગામડી – આણંદ ૩૮૮ ૦૦૧
ફોન : ૦૨૬૯૨-૨૫૩૯૩૩, ૨૫૬૬૫૦

# પ્રકરણ - ૫
# ઈસુ ગુરુ

ગુરુજી મારો દીવો રે, ગુરુ મારા દેવતા રે જી,
ગુરુજી મારા તરાપા રે, ગુરુજી મારા તુંબડા રે જી,
એ તુંબડીએ ઊતરવું ભવ પાર -
- ધીરો ભગત

**ઈસુનો ગૃહત્યાગ**

ઈસુ ત્રીસ વર્ષ સુધી પોતાના ગામ નાસરેથમાં પોતાના કુટંબ સાથે રહ્યા. તેઓ સામાન્ય માણસની જેમ જીવ્યા. એમને કેવળ આજુબાજુના ગામલોકો ઓળખતા હતા. બાકીની દુનિયાથી તેઓ અજાણ્યા હતા. આપણે આગલી પુસ્તિકામાં જોયું કે આવું જીવન જીવતાં પણ તેમણે આપણને રસ્તો બતાવ્યો. આપણા કૌટુંબિક જીવન અને રોજિંદા કામ મારફતે પણ આપણે ઈશ્વર તરફ કેવી રીતે આગળ વધી શકીએ તે ઈસુએ આપણને બતાવ્યું. ઈસુએ કુટુંબમાં જીવીને કુટુંબને પાવન કર્યું અને જાત-મહેનત કરીને શ્રમનો મહિમા કર્યો.

પણ ઈસુ તો મુક્તિનો સંદેશો આપવા માટે અવતર્યા હતા. એમનું આખું જીવન, એમનું કાર્ય, એમનો ઉપદેશ અને એમનું મૃત્યુ સૌને માટે એક સંદેશો હતું. એ સંદેશો કેવળ નાસરેથના ગામલોકો સારુ નહોતો, એ સંદેશો સર્વ દેશકાળના લોકો માટે હતો. તેથી હવે ઈસુને પોતાનું ઘર છોડવાનું હતું. અને જીવનનો સંદેશો આપવા માટે જાહેર જીવન શરૂ કરવાનું હતું.

બાઈબલમાં ઈસુનો જીવનવૃત્તાંત અને તેમનાં કાર્યો શુભસંદેશ નામે ઓળખાતા ચાર ગ્રંથોમાં આવે છે. આ ગ્રંથોમાં ઈસુના જીવનની ઘણી ઘટનાઓ અને તેમનો ઉપદેશ આલેખાયેલાં છે. આમાંનાં અમુક વર્ણનો તો દિલ-દિમાગનો કબજો લઈ લે એવાં છે.ખુલ્લા મન સાથે વાંચનારો કોઈ પણ વાચક ઈસુની વાણીથી ભીંજાયા વિના રહેતો નથી. ઈસુનું જીવન અને ઈસુનાં કાર્યો એના હૃદયને ઢંઢોળ્યા વિના રહેતાં નથી.

શુભસંદેશમાં વર્ણવાયેલી આમાંની અમુક ઘટનાઓ તો આપણને અચંબામાં નાખી દે છે.એ ઝટ માનવી મુશ્કેલ લાગે; અરે સાવ અશક્ય જ લાગે! ઈસુ નામનો આ માણસ અસાધારણ વિભૂતિ હોય તો જ એના જીવનમાં આવી ઘટનાઓ સંભવી શકે. કાચી માટીના માનવી પાસે જે નથી એવી અનોખી શક્તિઓ એ ધરાવતો હોય તો જ તે આવાં કાર્યો કરી શકે. ઈસુ નામનો આ માણસ સાક્ષાત ભગવાન હોય તો જ આવું કરી શકે.

સૌ પ્રથમ તો, વાચક આ લખાણોની ભાષા-શૈલી પરથી જ એની અસલિયતની ખાતરી કરી શકે એમ છે. આ લખાણોની ભાષા રસિક કથાઓ આલેખતી મસાલેદાર ભાષા-શૈલી છે કે પછી ગાંધીજીની આત્મકથામાં નજરે ચડે છે તેવી સ્પષ્ટ ને સીધી વાત કહેતી સરળ ને સ્વાભાવિક ભાષાશૈલી છે?

આવી વિવેચનાત્મક દૃષ્ટિ ધરાવતો વાચક આ ઝટ પારખી શકે તેમ છે. ચમત્કારો આલેખતી ને ચિત્રવિચિત્ર ઘટનાઓ વર્ણવતી ઘણી પ્રાચીન તેમ જ આધુનિક કથાઓ આવા વાચકના ધ્યાનમાં હોય છે જ. એ કથાઓ વાંચતાંવેંત એની ભાષા-શૈલી પરથી જ એ કહી શકે છે કે આ બધું કપોળકલ્પિત છે.

આ ચારેય શુભસંદેશો તો એકદમ સીધી ને સરળ ભાષામાં લખાયા છે. એ માથ્થી, માર્ક, લૂક, અને યોહાન એમ ચાર લેખકોને હાથે લખાયા છે. તેઓ કાં તો પોતે વર્ણવેલી ઘટનાઓને નજરોનજર નિહાળનારા લોકો છે અથવા એ ઘટનાઓને નજરોનજર નિહાળનારા લોકોના સાથી કે ચેલાઓ છે. અલબત્ત એમણે ઈસુના જીવનની રજેરજ ને સિલસિલાબંધ બાબતો નોંધી નથી. એ લેખકોને મન તો ઈસુ જે સંદેશો આપવા અવતર્યા હતા તેનું જ અધિક મહત્ત્વ હતું. તેમણે ઈસુના ઉપદેશ, એમનાં કાર્યો, એમનાં જીવન-મરણ અને પુનરુત્થાન ઇત્યાદિમાં પ્રગટ થતા ગહન ને મુક્તિદાયક સંદેશા ભણી જ પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરેલું છે. તેથી એમણે ઈસુના

જીવનની બધી ઘટનાઓ ને બધાં વચનો ઉતાર્યાં નથી, પણ માત્ર એ જ ઘટનાઓ ને વચનો આલેખ્યાં છે જે પોતાના અનુયાયીઓ કે સાંભળનારાઓનાં જોગસંજોગ અનુસાર ઈસુનો સંદેશો  એમને પહોંચાડવામાં મદદરૂપ થતાં હોય. આમ હોવા છતાં સંદેશો આલેખવામાં એમણે કોઈ વિગતોમાં ઘાલમેલ કરી નથી, બલ્કે એ વિગતો ઈસુના જીવનમાં બનેલી સાચી વિગતો છે.

આપણે એક બાબત ધ્યાનમાં રાખવી ઘટે. શુભસંદેશો એ કાંઈ એવા સિલસિલાબંધ દસ્તાવેજો નથી જેનો ઉદ્દેશ યહૂદી પ્રજાના ઈતિહાસ, ભૂગોળ, રાજકારણ અને સંસ્કૃતિનો ચિતાર આપવાનો હોય. શુભસંદેશો આવા કોઈ હેતુથી લખાયા જ નથી. શુભસંદેશો આપણને ધર્મનો શ્રદ્ધેય આલેખ આપે છે એમ જ આપણે સમજવાનું છે.

શુભસંદેશનો વાચક પોતે જ આનો નિર્ણાયક બને. તે જે વાંચે તેના વિશે જાતે જ વિચાર કરે. જે કંઈ વાંચે તે ખુલ્લું મન રાખીને વાંચે, વાંચતી વખતે કોઈ જાતનો પૂર્વગ્રહ ન રાખે. કાળજીપૂર્વક વાંચ્યા વિના અગાઉથી જ કોઈ નિર્ણય ન લે કે મત ન બાંધે. વાંચતી વખતે વાચક પોતાની જાતને પૂછે કે, આ જે હું વાંચી રહ્યો છું તેમાં હું ભારોભાર સચ્ચાઈ જોઈ શકું છું કે નહિ.

**આવો અને જુઓ**

ચાર શુભસંદેશકારો પૈકીના ચોથા શુભસંદેશકાર યોહાન ઈસુના અંતેવાસી હતા. એમણે પોતાના શુભસંદેશમાં ઈસુ સાથેના પોતાના પહેલા મેળાપનો વૃત્તાંત આપ્યો છે. એક દહાડો તે પોતાના એક સાથીદાર જોડે ઊભા હતા ત્યારે કોક જણે એમને આંગળી ચીંધીને ઈસુને વાટે જતા બતાવ્યા.

પછી શું થયું એ યોહાનના શબ્દોમાં જ સાંભળો :

“હવે પેલા બે શિષ્યો (યોહાન પોતે તથા એમના સાથીદાર) એમને આ પ્રમાણે બોલતા સાંભળીને ઈસુની પાછળ પાછળ ગયા. ઈસુએ પાછા ફરીને જોયું તો પેલાઓ પાછળ આવતા હતા. એટલે તેમને પૂછ્યું, ‘તમારે શું જોઈએ છે?’ તેમણે જવાબ આપ્યો, ‘ગુરુજી, આપ ક્યાં રહો છો?’

“ઈસુએ કહ્યું, ‘આવો અને જુઓ’ એટલે તેઓએ જઈને જોયું કે તેઓ ક્યાં રહેતા હતા, અને બપોરના ચાર થવા આવ્યા હતા એટલે તે દિવસે તેઓ તેમની સાથે રહી પડ્યા” (યોહાન ૧ : ૩૭-૩૯).

‘આવો અને જુઓ’, ઈસુનું આ મધુર નિમંત્રણ આપણ સૌને પણ છે. આપણે અહીં ઈસુના કેટલાક જીવનપ્રસંગો જોઈશું ને એમનાં કેટલાંક વચનો સાંભળીશું. આપણે જઈશું ને જોઈશું. આપણે ઈસુના આ નિમંત્રણને એક કાનેથી સાંભળી બીજે કાને કાઢી નહિ જ નાખીએ.

આપણે અહીં શુભસંદેશના ગણ્યાગાંઠ્યા પ્રસંગોને જોઈ શકીશું. પણ તમારી સાથે શુભસંદેશ છે? તમે એમાંથી બધા પ્રસંગો વાંચી જજો. ઘણા લોકો આમ કરે છે. તેઓ રોજ નિયમિત શુભસંદેશનો પાઠ કરે છે, એના પર મનન-ચિંતન કરે છે અને રોજ પોતાનું આધ્યાત્મિક ભાથું બાંધે છે ને પોતાની જીવનયાત્રામાં મક્કમ પગલે આગળ ધપે છે. તમે પણ શાંતિથી શુભસંદેશનો પાઠ કરજો ને બંદગીભાવે મનોમન તમારી જાતને આટલું પૂછજો : આ પાઠમાં મારે સારુ કોઈ સંદેશો છે? ઈશ્વર આ વચનો મારફતે મારી જોડે શી વાત કરે છે?

**જાતને ભૂલવી**

આપણે આટલાં પાનાં વાંચ્યાં, એમાં આપણે જોઈ શક્યા છીએ કે સઘળી બૂરાઈનું મૂળ માણસનું પોતાનું અભિમાન છે. માણસ પોતાની જાતને જ સર્વેસર્વા સમજે છે ને પોતે જ પોતાની જાતની પૂજા કરવા લાગે છે. ને એમ કરીને બધી આફતો નોતરે છે.

નાનો દીકરો પોતાના મનનો રાજા બન્યો, ફાવે તેમ વર્ત્યો ને છેવટે તેણે પોતે જ પોતાના પગ પર કુહાડો માર્યો. આપણાં આદિ માતા-પિતાએ પોતે જે કાંઈ છે તે ઈશ્વરને લીધે છે ને પોતા પાસે જે બધું છે તે ઈશ્વરનું દીધેલું છે, એ માનવાનો ધરાર નકાર કર્યો. તેમણે સ્વાર્થ ને અહંકારનો માર્ગ પકડ્યો ને છેવટે પોતાને હાથે પોતાની તેમ જ પોતાની સંતતિની ઘોર ખોદી.

હું આ વિશે થોડો ઊંડો ઊતરું. કોઈએ મારું કશું બૂરું કર્યું હોય એ વિશે હું થોડો વિચાર કરું. મને તરત જ માલૂમ પડશે કે મારું બૂરું કે અહિત કરનારે કેવળ પોતાની જાતનો જ વિચાર કર્યો હતો.

ને હુંય મારી જાતનું થોડું આત્મનિરીક્ષણ કેમ ન કરું? મેં કરેલા બૂરા કામનો હું ખ્યાલ કરું. મને તરત એ સ્પષ્ટ જણાય છે કે મેં મારા સ્વાર્થના માર્યા, કેવળ મારી જાતને જ સંતોષવા એવું કામ કર્યું હતું.

ઈશ્વરને આપણા જીવનમાંથી હડસેલી દેવો ને આપણી જાતને જ દેવ માનીને પૂજવી એનું જ નામ છે પાપ; એ જ માણસની બૂરાઈ. ઈસુ માણસનાં આ પાપ ને બૂરાઈને દૂર કરવા આવ્યા. ઈસુ પતિતજનને પાછો ઊભો કરવા આવ્યા, ઈસુ મને અને તમને પાપની ગુલામીમાંથી છોડાવવા સારુ આવ્યા. બીજા શબ્દોમાં કહીએ તો ઈસુ, આપણને જાતને રીઝવવામાં જ આપણો જન્મારો જાય છે એવું ભાન કરાવી આપણા સ્વાર્થમાંથી છુટકારો મેળવવાની રીત બતાવવા આવ્યા. ઈસુનું જીવન જ આનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. ઈસુના પ્રત્યેક કાર્યમાં ને પ્રત્યેક શબ્દમાં ઈસુની નિસ્વાર્થ પરાયણતાની આપણને ઝાંખી થાય છે. ઈસુ આપણને આપણો અહંમ્ ગાળી નાખવાનો, આપણા સ્વાર્થને પૂરેપૂરો ધરબી દેવાનો ઉપદેશ આપે છે. ઈસુ કહે છે :

"હું તમને સાચેસાચ કહું છું કે જ્યાં સુધી ઘઉંનો દાણો જમીનમાં પડીને મરી જતો નથી ત્યાં સુધી એકલો જ રહે છે. પણ જો તે મરી જાય છે તો મબલક પાક પેદા કરે છે. જે પોતાના જીવનને વહાલું કરે છે તે તેને ખોઈ બેસે છે અને પોતાના જીવનને આ દુનિયામાં અળખામણું કરે છે તે શાશ્વત જીવન માટે તેને સલામત રાખે છે" (યોહાન ૧૨ : ૨૪-૨૫).

**પરગજુ શમરૂની**

ઈસુના જીવનનો આ એક પ્રસંગ છે. એમાં ઈસુએ આપણને નિસ્વાર્થ પ્રેમ ને સેવાનાં દર્શન કરાવ્યાં છે. ને જાતને બીજા ખાતર વાપરવાનો આપણને મંત્ર આપ્યો છે.

"એક શાસ્ત્રીએ આગળ આવી ઈસુની પરીક્ષા કરી જોવા એવો પ્રશ્ન પૂછ્યો કે, 'ગુરુદેવ, શાશ્વત જીવન પ્રાપ્ત કરવા માટે મારે શું કરવું?"

"ઈસુએ કહ્યું, 'શાસ્ત્રમાં શું લખેલું છે? શો પાઠ છે?'

"પેલાએ જવાબ આપ્યો, 'તું તારા પરમેશ્વર પ્રભુ ઉપર તારા પૂરા હૃદયથી, તારા પૂરા જીવથી, તારી પૂરી શક્તિથી અને તારા પૂરા મનથી પ્રેમ કરજે, અને તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ રાખજે.'

"ઈસુએ તેને કહ્યું, 'તારો જવાબ સાચો છે. એ પ્રમાણે કર એટલે તને જીવન પ્રાપ્ત થશે.'

"પણ પોતાનો પ્રશ્ન નકામો નથી એમ બતાવવા ઇચ્છતો હોય તેમ તેણે ઈસુને કહ્યું, 'પણ મારો બંધુ કોણ?'

"ત્યારે ઈસુએ જવાબ આપ્યો, 'એક માણસ યરુશાલેમથી યરીખો જતો હતો. એવામાં તે લૂંટારાઓના હાથમાં સપડાયો. તે લોકોએ તેનાં કપડાં ઉતારી લીધાં અને સારી પેઠે માર પણ માર્યો અને તેને અધમૂઓ મૂકીને પોતે ચાલતા થયા. હવે એવું બન્યું કે, એક પુરોહિત તે રસ્તે થઈને નીકળ્યો, પણ પેલાને જોઈને બીજી બાજુ થઈને ચાલ્યો ગયો. આ જ રીતે એક પુરોહિત સહાયક પણ ત્યાં આવ્યો, અને તે પણ તેને જોઈને બીજી બાજુથી ચાલ્યો ગયો. પણ એક શમરૂની મુસાફરી કરતો કરતો તે ઠેકાણે આવી પહોંચ્યો અને પેલા માણસને જોઈને તેના દિલમાં દયા પ્રગટી. તેણે તેની પાસે જઈ તેના ઘા ઉપર તેલ અને દ્રાક્ષાસવ રેડીને પાટા બાંધ્યા અને પોતાના જાનવર પર બેસાડીને તે તેને એક સરાઈમાં લઈ આવ્યો અને ત્યાં તેની સંભાળ લીધી. ઉપરાંત, બીજે દિવસે બે દિનાર કાઢીને તેણે સરાઈવાળાને આપ્યા અને કહ્યું, 'તમે એની સંભાળ રાખજો, અને તમે જે કંઈ વધારાનું ખર્ચ કરશો તે હું વળતાં તમને આપી દઈશ.'

"હવે, આ ત્રણમાંથી કોણ પેલા લૂંટારુના હાથમાં સપડાયેલા માણસનો બંધુ કહેવાય? તું શું ધારે છે?'

"પેલાએ જવાબ આપ્યો, 'જેણે તેના પર દયા લાવીને સેવા કરી તે.'

"ત્યારે ઈસુએ તેને કહ્યું, 'તો જા. તું પણ એ પ્રમાણે કરજે" (લૂક ૧૦ : ૨૫-૩૭).

આ કથામાં ઘાયલ યહૂદીની સેવા કરનારો શમરૂની તે એની કોમનો માણસ નહિ બલ્કે પરકોમનો, યહૂદી કોમે વેરી ને હલકી ગણેલી કોમનો માણસ. આનો વિચાર કરીએ છીએ ત્યારે આપણે કેટલું બધું ભૂલી જઈને સેવા કરવાની છે ને પ્રેમ રાખવાનો છે એનો મર્મ આપણને સમજાય છે.

આપણે દરેક જણ ઈસુના આ ઉપદેશને આપણા જીવનમાં આસાનીથી ચકાસી શકીએ. આપણે જીવનમાં આવો એક અખતરો કરીએ. આપણે આ ભલા શમરૂની જેવા એકાદ વાર પરગજુ બનીએ. આજે કે આવતી કાલે મારી આગળ કોઈ હાથ લંબાવતું કે મારી

મદદ માગતું આવશે. હું એને મદદ કરું. એ મદદ કદાચ નાનીઅમથી હોય, એને કદાચ માયાના બે બોલની જ જરૂર હોય, પણ મને માલૂમ પડશે કે કોકનું ભલું કરતાં મારે થોડોઘણો ભોગ તો આપવો જ પડે છે.

પણ આમ કરવામાં એક બાંયધરી તો છે જ. જો તમે કોકનું કશું ભલું કરશો તો તમને હૃદયમાં ટાઢક વળશે. તમે ઊંડે ઊંડે આનંદ અને શાંતિનો અનુભવ કરશો. અંતે તમે આટલું કરજો. તમે તમારા એ ભલા કામને એક અંજલિરૂપે ઈશ્વરને ચરણે ધરજો. ઈશ્વરે તમારી એ અંજલિ સહર્ષ સ્વીકારી જ લીધી છે એમ નક્કી માનજો.

**ઈસુએ ભાંગેલી ભીડ**

ઈસુ લોકોના રોજિંદા જીવન પરત્વે ને એમની રોજિંદી જરૂરિયાતો પરત્વે કદી ઉદાસીન નહોતા. એમણે વારંવાર લોકોને સામે ચાલીને મદદ કરી છે. આમ કરીને ઈસુએ આપણને બતાવ્યું છે કે આપણે હંમેશાં બીજાઓને મદદ કરવા તત્પર રહેવું જોઈએ.

એક દિવસ ઈસુને લગ્નમાં આમંત્રણ મળ્યું હતું. આપણે એ પ્રસંગ યોહાનના શુભસંદેશમાંથી જ વાંચીએ :

"બે દિવસ પછી ગાલીલમાં આવેલા કાના ગામે લગ્ન હતાં. ઈસુનાં મા ત્યાં હતાં. ઈસુને અને તેમના શિષ્યોને પણ લગ્નમાં નોતર્યા હતા. ત્યાં દ્રાક્ષાસવ ખૂટી ગયો એટલે ઈસુનાં માએ ઈસુને કહ્યું, 'એ લોકો પાસે હવે દ્રાક્ષાસવ નથી.'

"ત્યારે ઈસુએ તેમને કહ્યું, 'બાઈ, તમારે ને મારે શું? હજી મારો સમય પાક્યો નથી.'

"તેમનાં માએ નોકરોને કહ્યું, 'એ કહે તેમ કરજો.'

"હવે, યહૂદીઓની રીત પ્રમાણે દેહશુદ્ધિ માટે પાણી ભરવાની બબ્બે ત્રણ ત્રણ મણ પાણી માઈ જાય એવી પથ્થરની છ કોઠીઓ ત્યાં પડેલી હતી. ઈસુએ નોકરોને કહ્યું, 'આ કોઠીઓ પાણીથી ભરી કાઢો, 'એટલે તેમણે છલોછલ ભરી કાઢી. ઈસુએ તેમને કહ્યું, 'હવે એમાંથી થોડું ભોજનના વ્યવસ્થાપક પાસે લઈ જાઓ.' એટલે તેઓ લઈ ગયા.

"વ્યવસ્થાપકે હવે દ્રાક્ષાસવ બની ગયેલું પાણી ચાખી જોયું. જોકે જે નોકરો એ પાણી કાઢી લાવ્યા હતા તેઓ જાણતા હતા કે એ ક્યાંથી આવ્યું છે પણ વ્યવસ્થાપકને એની ખબર નહોતી, એટલે વ્યવસ્થાપકે વરરાજાને બોલાવીને કહ્યું, 'સૌ કોઈ સારો દ્રાક્ષાસવ પહેલો પીરસે છે અને બધા ધરાઈને પી લે પછી હલકો દ્રાક્ષાસવ કાઢે છે. પણ તેં તો અત્યાર સુધી સારો દ્રાક્ષાસવ રાખી મૂક્યો છે!'

"ઈસુએ આ પહેલો પરચો ગાલીલમાં આવેલા કાના ગામે કરી બતાવીને પોતાનો મહિમા પ્રગટ કર્યો અને એમના શિષ્યોને એમના ઉપર શ્રદ્ધા બેઠી" (યોહાન ૨ : ૧-૧૧).

ઈસુનો આ પહેલો પરચો હતો. એ એમણે માણસના જીવનવ્યવહારની એક મૂંઝવણ ઉકેલવા કર્યો હતો. એમણે એક યુવાન અને તેની નવોઢાની મદદ કરી. તેમણે મહેમાનોની વચ્ચે એમનો પ્રસંગ જાળવી લીધો ને એમની લાજ રાખી. ઈસુને તો કદી પોતાની ચિંતા નહોતી. બલ્કે બીજાને કેવી રીતે મદદરૂપ થવું એ જ વાતની સતત ચિંતા હતી.

ઈશ્વરને આપણામાં તથા આપણા રોજિંદા જીવનમાં રસ છે. ધર્મપાલન એ અઠવાડિયાના કોઈ સપરમા દહાડા પૂરતું કે કોઈ પર્વ પૂરતું મર્યાદિત નથી. ઈશ્વર તો હંમેશા આપણી સાથે જ છે. તેથી આપણા રોજિંદા જીવનમાં, આપણા પરિવારમાં, આપણાં કામોમાં, આપણી નિરાંતની પળોમાં, અન્ય જનો સાથેના આપણા વ્યવહારમાં આપણે ઈશ્વરને શોધવો પડશે. જો આપણે આમ જ કરીએ તો ધર્મ આપણા માટે એક અંગરખા જેવો બની જાય છે જેને આપણે ફાવે ત્યારે પહેર્યું ને ફાવે ત્યારે કોરે મૂક્યું! આવું કરીએ તો ધર્મ કદી પણ આપણા જીવનનો ભાગ નહી બની શકે.

**કેવી રીતે પ્રાર્થના કરવી?**

ઈસુના શ્રીમુખે 'આવો અને જુઓ', એ ઈજન આપણે સાંભળ્યું. હવે ઈસુ પાસેથી અસલ પ્રાર્થના કેવી હોય ને એ કેવી રીતે ને કેવા ભાવે કરવી જોઈએ એ આપણે સાંભળીએ. સરળ ને નમ્રભાવે કરેલી પ્રાર્થના મારફતે આપણે ઈશ્વર પાસે જઈ શકીએ છીએ તે ઈસુ આપણને બતાવે છે.

આપણે જોઈએ કે ઘણા જણ નાના હતા ત્યારે પ્રાર્થના ને પૂજા કરતા હતા પણ મોટપણે એમણે પ્રાર્થના ને ભગવાન બંને છોડી દીધાં! આમ એમણે શાથી કર્યું? આ લોકોએ ભગવાનના ચુસ્ત અનુયાયીઓ કે ભક્તો ગણાતા માણસોનું ઘમંડી વર્તન જોયું. હાથમાં માળા

ને મોંમાં લાળા! પૂજામાં ખોટો ઠાઠ ને નર્યો દંભ. પોતાની જાતને ધર્મપરાયણ ગણાવતા લોકોનું આવું આચરણ જોઈને ઘણા માણસો પોતાના પ્રેમાળ પિતા ઈશ્વર ભણીથી પીઠ ફેરવી લે એ કેટલું દુઃખદ છે!

સંસ્કૃત, લેટિન કે અરબી જેવી અઘરી ને પુરાણી ભાષાઓમાં પ્રાર્થના કરવાની કશી જરૂર નથી. અખાની 'ભાષાને શું વળગે ભૂત?' 'સંસ્કૃત ભણ્યે શું થયું, કાંઈ પ્રાકૃતમાંથી નાસી ગયું?' એવી ચીમકીઓ આપણે બરાબર યાદ રાખીએ. પ્રાર્થના દિલની વાત છે. ભગવાન આગળ આપણે દિલ ખોલીને આપણને આવડે તેવી સરળ ભાષામાં વાત કરીએ એમાં બધું આવી ગયું. આપણી પ્રાર્થના હંમેશાં સરળ, નિષ્કપટ અને નમ્ર હોવી જોઈએ.

આ વાત સમજાવવા ઈસુએ એક દિવસ આ વાર્તા કહી :

"બે માણસો મંદિરમાં પ્રાર્થના કરવા ગયા. એક ફરોશી હતો ને બીજો જકાતદાર હતો.

"ફરોશીએ ઊભા ઊભા આ પ્રમાણે પ્રાર્થના કરી, 'હે પ્રભુ, હું બીજા માણસો જેવો લોભી, અન્યાયી, વ્યભિચારી અથવા આ જકાતદાર જેવોય નથી, એ બદલ હું તારો આભાર માનું છું, હું અઠવાડિયે બે વાર ઉપવાસ કરું છું, અને મારી પૂરેપૂરી આવકનો દસમો ભાગ ધર્માદામાં આપું છું.'

"પણ પેલો જકાતદાર તો દૂર ઊભો રહ્યો. તેની ઊંચી નજર કરવાની હિંમત સુધ્ધાં ચાલી નહીં. તે છાતી કૂટતો કૂટતો બોલ્યો, 'હે ઈશ્વર, મુજ પાપી પર દયા કરો.'

"હું તમને કહું છું કે, ઈશ્વરનો પ્રસાદ પામીને તો એ માણસ ઘેર ગયો, પેલો બીજો નહિ, કારણ જે કોઈ પોતાને મોટો કરશે તેને નાનો કરવામાં આવશે અને જે કોઈ પોતાને નાનો કરશે તેને મોટો કરવામાં આવશે" (લૂક ૧૮ : ૧૦-૧૪).

**હતો વામન, થયો વિરાટ**

ઘણીવાર આપણે ભગવાનની મહાનતાનો વિચાર કરીએ છીએ ત્યારે આપણે ઘણાં વામણા ને તુચ્છ લાગીએ છીએ. આપણને લાગે છે કે ક્યાં આ સચરાચરનો સર્જનહાર અને ક્યાં હું ક્ષુદ્ર જંતુડું? આવા મહાન ઈશ્વર આગળ જવાનું મારું શું ગજું? મારાં શાં પુણ્ય?

પણ ઈસુના જીવનનો એક પ્રસંગ આપણને બતાવે છે કે ઈશ્વર પાસે જવું કેવું સરળ છે! ભગવાનની નિકટ જનાર માણસ કેવો ધરમૂળથી બદલાઈ જાય છે. ઈસુ પોતાને મળવાનું આમંત્રણ માણસને સામે ચાલીને આપે છે. ને વામન એવા માણસને પોતાના સ્પર્શે વિરાટ બનાવી દે છે.

"પછી યરીખોમાં દાખલ થયા અને શહેરમાં થઈને જતા હતા, ત્યાં જાખી કરીને એક માણસ આવી ચડ્યો. તે મુખ્ય જકાતદારોમાંનો એક હતો અને શ્રીમંત હતો. ઈસુ કેવા છે તે જોવા ઉત્સુક હતો, પણ પોતે ઠીંગણો હોઈ ગિરદીમાં જોઈ શકતો ન હતો. એટલે આગળ દોડી જઈને ઈસુનાં દર્શન કરવા તે એક ઉમરાના ઝાડ ઉપર ચડી ગયો, કારણ, ઈસુ તે રસ્તે થઈને જવાના હતા. એ જગ્યાએ આવ્યા એટલે ઈસુએ ઊંચે જોઈને તેને કહ્યું, 'જાખી, ઝટ નીચે આવ, કારણ, આજે મારે તારા ઘરમાં ઉતારો કરવાનો છે.'

"એટલે તેણે ઝપાટાબંધ નીચે ઊતરીને ઈસુનો હરખભેર સત્કાર કર્યો. આ જોઈને બધા બબડવા લાગ્યા, 'આણે તો પાપીને ત્યાં મુકામ કર્યો!'

"પણ જાખીએ ઊભા થઈને પ્રભુને કહ્યું, 'પ્રભુ, જુઓ, મારી મિલકતનો અડધો ભાગ હું ગરીબોને દાનમાં આપું છું. અને મેં જો કોઈને છેતરીને કંઈ લીધું હશે તો હું ચારગણું પાછું આપવા તૈયાર છું.'

"ઈસુએ તેને કહ્યું, 'આજે આ ઘરનો ઉદ્ધાર થયો; આ માણસ પણ અબ્રાહામનો વંશજ છે. માનવપુત્ર જે કાંઈ ખોવાઈ ગયું છે તેને શોધવા અને ઉદ્ધારવા અવતરેલો છે" (લૂક ૧ : ૧-૧).

ઈસુ તો આવા જાખી જેવા માણસોનો ઉદ્ધાર કરવા આવ્યા હતા. આવા માણસો ઈશ્વર આગળ પોતાને નાચીજ ને તુચ્છ સમજે. આવા જ માણસો મુક્તિદાતા પોતાને હાથે પોતાનો ઉદ્ધાર કરે એવું ઝંખે. મુક્તિદાતા આવીને પોતાને પંકમાંથી બહાર કાઢે એવું માગે. પેલા અભિમાની ને પોતાને ધર્મપરાયણ માનનાર લોકો તો આવા પ્રાકૃત લોકો સાથે ઈસુ હળતામળતા હતા તેનીય ટીકા કરતા હતા. આ અહંકારી લોકો ઈસુને યથાર્થરૂપે જોઈ શક્યા નહોતા. કારણ, તેઓ પોતાના અભિમાન તથા સ્વાર્થને લીધે આંધળા બન્યા હતા. પોતાની જાત પર તેઓ એટલા તો મુસ્તાક હતા કે ઈસુની કશી જરૂર જ એમને લાગતી નહોતી.

જે માણસ પોતે કેવો અલ્પ છે તે જાણે છે, જે માણસને ઈશ્વર આગળ પોતાની અપાત્રતાનું ને તુચ્છતાનું ભાન હોય છે તે જ માણસ મંદિરમાં છેવાડે ઊભા રહીને બંદગી કરતા પેલા અદના આદમીની પેઠે બોલી શકે છે, ''હે પ્રભુ, આ પાપી પર દયા કરો.'' આવો માણસ એવા માંદા માણસ જેવો છે જેને પોતાના મંદવાડની ને લાચારીની ખબર છે, આવો માણસ જાણે છે કે પોતે પોતાનો રોગ મટાડી શકે એમ છે જ નહિ. કેવળ વૈદ જ પોતાનો રોગ મટાડી શકે. તેથી તે વૈદનું શરણું લે છે, પણ જે માંદો હોય છતાં પોતાને સાજોનરવો માનતો હોય તે કોઈ દહાડો વૈદનો ખ્યાલ શાનો કરે? એ વૈદ પાસે શાનો જાય? ને શાના એના સંતાપ ટળે?

પોતાની જાતને કંઈની કંઈ સમજવી એ એક ભયંકર બીમારી છે. પોતાને જ સર્વેસર્વા માનનારો માણસ ખરેખર તો પોતાની દૃષ્ટિ ગુમાવી બેઠો હોય છે. એ પોતાની જાત સિવાય બીજું કશું જ જોતો નથી. આવો માણસ ખરેખર કૂવામાંના દેડકા જેવો છે, એ ફૂલણજી એના બંધિયાર ખાબોચિયામાં જ પુરાઈ રહે તો એમાં વાંક કોનો?

**મૂર્ખ અમીર**

એકવાર ઈસુએ આ એક કથા કહી. આ કથા પરથી આપણને સ્પષ્ટ સમજાય છે કે પોતાની જાતને સર્વેસર્વા માનનાર, પોતાના સ્વાર્થ ને અહમ્‌માં જ રચ્યોપચ્યો રહેનાર માણસ બીજા કોઈની પરવા કરતો નથી. આવા માણસને કેવળ પોતાની જ પડી હોય છે, એટલે એવો માણસ અંતે પોતાનું જ સત્યાનાશ વાળે છે.

ઈસુએ લોકોને ઉદ્દેશીને કહ્યું, 'જોજો, કોઈ પણ પ્રકારના લોભથી ચેતતા રહેજો. કારણ, માણસ પાસે ગમે તેટલી સંપત્તિ હોય પણ એ સંપત્તિ જ જીવનનું સારસર્વસ્વ નથી.' પછી ઈસુએ તેમને એક દૃષ્ટાંતકથા કહી :

''એક ધનવાનની જમીનમાં મબલક પાક પાક્યો હતો. તે મનમાં વિચાર કરવા લાગ્યો, 'મારે શું કરવું? મારો બધો પાક ભરવાની તો મારી પાસે જગા નથી!' તેણે વિચાર્યું, 'હું આમ કરીશ. હું મારો કોઠાર તોડી પાડીને મોટો બંધાવીશ અને તેમાં હું મારી બધી ફસલ ને માલમતા એકઠી કરીશ, અને પછી મારા જીવને કહીશ કે, અરે ભલા જીવ, વરસો સુધી ચાલે એટલી મતા તારી પાસે ભરેલી છે. હવે આરામ કર, અને ખાઈ પીને મજા કર.' પણ ઈશ્વરે તેને કહ્યું 'અરે મૂરખ, આજે રાતે જ તારે તારો જીવ સોંપી દેવો પડશે, પછી તેં જે બધું ભેગું કર્યું છે તે કોને જશે?''' (લૂક ૧૨ : ૧૫-૨૧).

આ માણસ પોતાની જાત પર ને પોતાના ધન પર મુસ્તાક હતો. પોતાને તે ઈશ્વર સમજી બેઠો હતો. પોતે એકલો જ બધું જ કરી શકે છે એમ માનતો હતો. પણ એ ભૂલી ગયો કે ધન, સત્તા, બળ ભલેને તેના હાથમાં ગમે તેટલાં કેમ ના હોય, પણ જીવન અને મૃત્યુ એ બે તેના હાથની વાત નથી. એ તો કેવળ ઈશ્વરના જ હાથમાં છે. શાણો માણસ સત્ય સમજે છે ને ઈશ્વર આગળ પોતાનું શિર ઝુકાવે છે.

ફરી શાંતિથી વિચાર કરવાનો સમય આવી ગયો છે. આપણે ગણિત કે ભૂગોળ જેવા વિષયોનો નહીં, ધર્મનો અભ્યાસ કરી રહ્યા છીએ, જેનો સીધો સંબંધ આપણી તેમ જ પરમાત્મા જોડે છે. આપણે આ તબક્કે આપણી જાતને આટલું પૂછીએ : ઈસુના જીવનના આ પ્રસંગો મારફતે શું ઈશ્વર મને કંઈ કહી રહ્યો છે? મને તે કશો સંદેશો આપી રહ્યો છે?

**પ્રાર્થના**

હે પ્રભુ ઈસુ
''આવ અને જો'' તમે પોતે
મને પાઠવેલું ઈજન છે.
હું ખુલ્લા દિલ ને ચોખ્ખા મનથી
એમ કરવાનો પ્રયાસ કરી રહ્યો છું.
હું પેલા જાખ્ખી જેવા થવાનું પસંદ કરીશ,
જે તમારા દર્શનાર્થે ઝાડ પર ચઢી ગયો હતો.
જાખ્ખી જેવા પાપીઓ સાથે હરવાફરવા બદલ
તમારી ટીકા કરનાર પેલી ઘમંડી આગેવાનો
જેવો હું બનવા નથી ઇચ્છતો.

પેલા ગામે લગ્નપ્રસંગના ટાણે
તમે સ્પષ્ટ બતાવી આપ્યું કે
તમને અમારી રોજિંદી ઉપાધિઓની ચિંતા છે.
તમે મારા દરેક કાર્યમાં ને
મારા કૌટુંબિક મામલામાં મને મદદ કરો.
તમે ભલા શમરૂનીનાં વખાણ કર્યાં.
હું મારી જાતને વિસારે પાડીને
બીજાનું ભલું કરું એ માટે તમે મને સહાય કરો.
તમે મારામાં શુભ સંકલ્પો પ્રેરો
ને પરમપિતા પાસે જવાનો
સાચો રસ્તો મને બતાવો.

# પ્રકરણ - ૬
## ઈસુ – રૂડો ગોવાળ

પ્રભુ મારો ગોવાળ છે જાતે,
મને ઊણું ન લાગે કોઈ વાતે.

- 'સ્તોત્રસંહિતા'માંથી

'આવો, ઈસુને મળો,' એ શ્રેણીની અત્યાર લગી આપણે પાંચ પ્રકરણો વાંચ્યાં. એમાં આપણે ઈસુના જીવનના થોડા જીવન-પ્રસંગો જોયા ને એમને મુખે થોડીઘણી કથાઓ પણ સાંભળી. આ સૌમાં આપણે જોયું કે ઈસુ પોતાના પિતા પાસેથી આ જગતમાં એક હેતુસર આવ્યા હતા. ઈસુ માનવજાતને પાપની ગુલામીમાંથી મુક્ત કરવાના સંકલ્પ સાથે આવ્યા હતા. ઈસુ માણસને એની જાતના મોહમાંથી છુટકારો અપાવવા આવ્યા હતા.

આપણા સ્વાર્થની જંજીરો કાતિલ છે. આપણે અનુભવે જાણીએ છીએ કે એ જંજીરો આસાનીથી તૂટી શકે એમ નથી. તેથી પોતાની જાતના જ જેમને દાસ બની રહેવું હતું તે લોકોએ ઈસુનો સખત વિરોધ કર્યો એવું જ્યારે આપણે જોઈએ છીએ ત્યારે આપણને એમાં નવાઈ જેવું લાગતું નથી.

આ પ્રકરણમાં આપણે શુભસંદેશનાં કેટલાંક અવતરણો જોઈશું. એના પરથી આપણને ખ્યાલ આવશે કે જાત પર જીત મેળવવાની વાત ઈસુ કેટલો ભાર દઈને કહે છે. લોકોને આવો ઉપદેશ આપીને કે કથાઓ કહીને ઈસુ અટકી ગયા નથી. ઈસુએ એના અમલ પર ખૂબ ભાર મૂક્યો. એમણે પોતાનો આ ઉપદેશ ખુદ પોતાના જીવનમાં પૂરેપૂરો આચરી બતાવ્યો. ક્રૂસ પર પોતાની જાતની આહુતિ આપીને જાતને જીતવી એટલે શું, એ ઈસુએ આપણને પ્રત્યક્ષ કરી બતાવ્યું. ઈસુએ એક સાચા ગોવાળની પેઠે કેવળ પોતાના ઝોકની સંભાળ જ ના લીધી, બલ્કે પોતાના ઝોકની રક્ષા સારુ એમણે પોતાના પ્રાણ સુધ્ધાં પાથરી દીધા. આપણે સંત પાઉલના શબ્દો યાદ કરીએ. "આ નશ્વર દેહે હું જે જીવું છું, તે મારા ઉપર પ્રેમ રાખનાર અને મારે ખાતર પોતાની જાત સમર્પી દેનાર ઈશ્વરપુત્ર ઉપરની શ્રદ્ધાને આધારે જીવું છું" (ગલાતિયા ૨ : ૨૦).

ઈસુનો આગ્રહ છે કે પોતાનો શિષ્ય પણ આવી જ રીતે પોતાને પગલે ચાલે.

### રોટીના ટુકડાની કમાલ

આખો શુભસંદેશ ઘણાં આશ્ચર્યોથી ભરેલો છે. પણ એમાં પરમ આશ્ચર્ય તો સાવ સામાન્ય રોટીના ટુકડાને ઈસુએ આપેલા અદકેરા મહત્ત્વનું છે. ઘર ઘરની રોજિંદી રોટીને ઈસુએ આપણે સારુ અનંત જીવન મેળવવાનું અમોઘ સાધન બનાવી દીધી છે.

ઈસુએ પ્રત્યેક જણના - ખુદ મારા પોતાના – મૃત્યુની પળ પછી તરત જ શું થશે એનો વિચાર આપ્યો છે.

મારા મૃત્યુ પછી મારી સદ્‌ગતિ થશે કે અધોગતિ થશે એ શાના આધારે નક્કી થશે? મેં જિંદગીમાં કેટલાં જપ-તપ ને પૂજા-પાઠ કર્યાં છે તેને આધારે? મેં કેટલાં ધામોની યાત્રાઓ કરી છે ને કેટલાં સ્નાન કર્યાં છે તેને આધારે?

આમાંના કશાનો આધાર લેવાશે નહિ. આધાર તો રોટીનો એક ટુકડો જ બનશે. આપણે ઈસુના શબ્દોમાં જ સાંભળીએ.

"જ્યારે માનવપુત્ર બધા દેવદૂતો સાથે મહિમાપૂર્વક આવશે ત્યારે તે મહિમાભર્યા સિંહાસન ઉપર બિરાજશે. ત્યારે બધી પ્રજાઓને તેની સમક્ષ ભેગી કરવામાં આવશે, અને જેમ ભરવાડ ઘેટાંને બકરાંથી જુદાં પાડે છે તેમ તે લોકોને એકબીજાથી અલગ પાડશે. તે ઘેટાંને પોતાને જમણે હાથ અને બકરાંને ડાબે હાથે ગોઠવશે. પછી રાજા પોતાના જમણા હાથ તરફના લોકોને કહેશે, 'આવો, મારા પિતાના આશીર્વાદ તમારા ઉપર ઊતર્યા છે! સૃષ્ટિના પ્રારંભથી તમારા માટે તૈયાર રાખેલું રાજ્ય ભોગવો! કારણ, મને ભૂખ લાગી હતી ત્યારે તમે મને ખાવાનું આપ્યું હતું, મને તરસ લાગી હતી ત્યારે તમે મને પાણી પાયું હતું, હું અજાણ્યો પ્રવાસી હતો ત્યારે તમે મને આશરો આપ્યો હતો. હું ઉઘાડો હતો ત્યારે તમે મને વસ્ત્રો પહેરાવ્યાં હતાં, હું માંદો હતો ત્યારે તમે મારી ભાળ કાઢી હતી, હું કારાવાસમાં હતો ત્યારે તમે મને મળવા આવ્યા હતા."

"ત્યારે એ ધર્મિષ્ઠ માણસો એમને પૂછશે, 'પ્રભુ, અમે ક્યારે આપને ભૂખ્યા જોઈને ખવડાવ્યું હતું, અથવા તરસ્યા જોઈને પાણી પાયું હતું? આપને અમે ક્યારે અજાણ્યા પ્રવાસી જોઈને ઘરમાં આશરો આપ્યો હતો, અથવા ઉઘાડા જોઈને વસ્ત્રો પહેરાવ્યાં હતાં? અથવા ક્યારે અમે આપને માંદા અથવા કારાવાસમાં જોઈને ખબર કાઢવા આવ્યા હતા?' ત્યારે રાજા તેમને જવાબ આપશે, 'હું સાચું કહું છું કે, આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કાંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે.'

"ત્યાર પછી તે પોતાના ડાબા હાથ તરફના લોકોને કહેશે, 'ઓ શાપિતો, મારાથી દૂર હઠો! સેતાન અને તેના દૂતો માટે તૈયાર કરાયેલા શાશ્વત અગ્નિમાં પડો! કારણ, મને ભૂખ લાગી હતી ત્યારે તમે મને ખાવાનું નહોતું આપ્યું, મને તરસ લાગી હતી ત્યારે તમે મને પાણી નહોતું પાયું, હું અજાણ્યો પ્રવાસી હતો ત્યારે તમે મને આશરો નહોતો આપ્યો, હું ઉઘાડો હતો ત્યારે તમે મને ઢાંક્યો નહોતો, હું માંદો અને કારાવાસમાં હતો ત્યારે તમે મને મળવા નહોતા આવ્યા.'

"ત્યારે તે લોકો પણ કહેશે, 'હે પ્રભુ, ક્યારે અમે આપને ભૂખ્યા કે તરસ્યા, અજાણ્યા કે ઉઘાડા, માંદા કે કારાવાસમાં જોયા અને ક્યારે આપની સેવા નહોતી કરી?' ત્યારે રાજા તેમને સંભળાવશે, 'હું તમને સાચું કહું છું કે, આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે નથી કર્યું તે મારે માટે જ નથી કર્યું.' આમ એ લોકોને શાશ્વત સજા થશે, પણ ધર્મિષ્ઠ માણસો શાશ્વત જીવન પામશે" (માથ્થી ૨૫ : ૩૧-૪૬).

પહેલી નજરે ઈસુના આ શબ્દો આપણને અચંબામાં નાખી દે છે. આપણને લાગે છે કે ઈસુએ મોક્ષની વાત સાંકળી સાંકળીને આખરે મામૂલી દયાના કામ સાથે સાંકળી! પણ આપણે સહેજ વિચાર કરીશું તો જણાશે કે ઈસુએ ઉપલી જે ભેદરેખા દોરી તે પોતાની જાતમાં રમમાણ રહેનારા ને જાતને ભૂલી જનારા એવા બે પ્રકારના લોકોને લક્ષમાં રાખીને દોરી છે. પોતાની જાતની પૂજા કરનારને ઈસુએ અધોગતિનો રસ્તો દેખાડ્યો ને પોતાને વીસરીને દરિદ્રનારાયણની સેવા કરનારને જ એમણે મોક્ષ કે મુક્તિને પાત્ર ગણ્યા.

આમ તો ખવડાવેલો બટકું રોટલો કે પિવડાવેલું ચોગળું પાણી નજીવી ચીજો લાગે. પણ એ જ જિંદગીની સફળતા કે નિષ્ફળતા માપવાનો ગજ બનશે એવું ઈસુએ આપણને દેખાડ્યું. માણસ કેટલો સ્વાર્થી હતો કે પરગજુ હતો એનું માપ આ મામૂલી ચીજો જ કાઢી આપી શકે તેમ છે એવું ઈસુએ આપણને બતાવ્યું.

### શ્રીમંત નબીરો

જાતને છોડવી આસાન નથી. જાત પરનો મોહ ઘટાડવો સહેલો નથી. પણ જાતને જીતીને જ જીવવું સાર્થક કરવાનો એકમાત્ર માર્ગ છે. પિતા ભણી જનારા રસ્તા વચ્ચે અવરોધ બનીને જો કોઈ મોટામાં મોટી શિલા પડી હોય તો તે મારી પોતાની જાત છે.

શુભસંદેશમાં આવી અનેક કથની આવે છે. એક જુવાન માણસને શ્રેયની સાધનાનું નોતરું મળ્યું. પણ બધું છોડીને ઈસુ પાછળ ચાલી નીકળવાની એ જુવાનની છાતી નહોતી. એની જાત એનું પ્રેય બનીને એના શ્રેયની આડે આવી.

"યહૂદીઓના એક આગેવાને ઈસુને પૂછ્યું, 'ભલા ગુરુદેવ, શાશ્વત જીવન મેળવવા માટે મારે શું કરવું?'

"પણ ઈસુએ તેને કહ્યું, 'તું મને ભલો શા માટે કહે છે? એક ઈશ્વર સિવાય કોઈ ભલું છે જ નહિ. આજ્ઞાઓ તો તું જાણે છે : ખૂન ન કરવું, વ્યભિચાર ન કરવો, ચોરી ન કરવી, ખોટી સાક્ષી ન પૂરવી, માતા-પિતાને માન આપવું.'

"પેલાએ કહ્યું, 'એ બધી આજ્ઞાઓ તો હું નાનો હતો ત્યારથી પાળતો આવ્યો છું.'

"આ સાંભળીને ઈસુએ તેને કહ્યું, 'હજી તારામાં એક વસ્તુ ખૂટે છે. તારી પાસે જે કંઈ છે તે બધું વેચી નાખ અને જે ઊપજે તે ગરીબોને આપી દે, તો સ્વર્ગમાં તને ભર્યા ભંડાર મળશે; ત્યાર પછી આવ, મારે પગલે ચાલ.' આ સાંભળીને તેની તો છાતી જ બેસી ગઈ, કારણ, તે ખૂબ શ્રીમંત હતો.

"એ જોઈને ઈસુએ કહ્યું, 'પૈસાદારોને ઈશ્વરના રાજ્યમાં દાખલ થવું કેટલું મુશ્કેલ છે! સોયના નાકામાંથી ઊંટને પસાર થવું સહેલું છે, પણ ઈશ્વરના રાજ્યમાં ધનવાનને દાખલ થવું મુશ્કેલ છે" (લૂક ૧૮ : ૧૮-૨૪).

### નવલખું મોતી

કોઈ વિદ્યાર્થીને પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવવી હોય તો તેણે ચોટલી બાંધીને મચી જવું પડે. બીજી બાજુ મોજથી પથારીમાં સૂઈ રહેવાનું એને મન પણ થાય. કોઈ વૈજ્ઞાનિક કશી શોધ કરવા માગતો હોય તો તેણે ખાવાપીવાનું ભૂલીને પ્રયોગશાળામાં પુરાઈ રહેવું

પડે. સફળતા મેળવવા માગનારે સુંવાળા ને સહેલા જીવનની લાલચ છોડવી પડે. એ જ રીતે સ્વર્ગનું રાજ્ય મેળવવાની ઇચ્છા રાખનારે જાતની આળપંપાળ ત્યજવી પડે.

ઈસુએ એક દૃષ્ટાંતકથા દ્વારા આ શીખ આપણી ગાંઠે બંધાવી છે.

"વળી, ઈશ્વરનું રાજ્ય ખેતરમાં દાટેલા ભંડાર જેવું છે, જેને એ જડે છે તે ફરી દાટી દે છે અને એકદમ આનંદમાં આવી ચાલ્યો જાય છે, અને પોતાનું સર્વસ્વ વેચી નાખી એ ખેતર ખરીદી લે છે. વળી, ઈશ્વરના રાજ્યને આવી ઉપમા પણ આપી શકાય : કોઈ વેપારી સુંદર મોતીની શોધમાં હોય અને તેને એકાદ કીમતી મોતી મળે છે એટલે તરત જ જઈને પોતાનું સર્વસ્વ વેચી નાખી એ મોતીને તે ખરીદી લે છે" (માથ્થી ૧૩ઃ ૪૪-૪૬).

**પતિતાને માફી**

ઈસુના જમાનાના ધાર્મિક આગેવાનોને ઈસુ કાંટારૂપ લાગ્યા હતા. એમને ઈસુને લીધે પોતાનાં ગોરપદાં ભયમાં આવી પડ્યાં લાગ્યાં. તેઓ તો પોતાનો મતલબ સરે એ સારુ ધર્મની બાહ્ય વિધિઓ ને ધર્મના બાહ્યાચાર પર ખૂબ ભાર મૂકતા હતા. પણ ઈસુએ તો એવા બાહ્યાચારને એકદમ ગૌણ ગણ્યો ને માણસ કામ, ક્રોધ, લોભ, મોહમાંથી છૂટતો રહે એને જ સાચું ધર્મપાલન ગણ્યું. ઈસુએ જીવનપરિવર્તનને પ્રાધાન્ય આપ્યું. ઈસુએ ધાર્મિક આગેવાનોને પોતાના ઉપદેશમાં તેમની પોતાની જાતને તેમ જ આમલોકોને આ માર્ગે વાળવાનો પડકાર ફેંક્યો. ધાર્મિક આગેવાનો ગભરાયા. આમલોકો પૂજા-પાઠ ને યજ્ઞ-યાગ કરાવતા હતા તો એમને ઘી-કેળાં હતાં. ઈસુનું કહ્યું કરવાથી તો એમનાં માન-પાન ને ખાન-પાન બંને જતાં હતાં. બીજા શબ્દોમાં કહીએ તો ઈસુએ એમને પોતાની જાતને છોડવાનો ને પોતાની મમત પડતી મૂકવાનો પડકાર ફેંક્યો હતો. પછી આ ધાર્મિક આગેવાનોને ઈસુ ઝેર જેવા કેમ ન લાગે? તેઓ ઈસુ સામે ખુન્નસે ભરાયા.

એક દહાડો ઈસુ લોકોના ટોળાને ઉપદેશ આપી રહ્યા હતા ત્યારે ઈસુને ઉઘાડા પાડવાની મેલી મુરાદ મનમાં રાખીને આ ધાર્મિક આગેવાનો વ્યભિચાર કરતાં પકડાયેલી એક બાઈને ઈસુ આગળ લઈ આવ્યા.

"તેઓએ ઈસુને કહ્યું, 'ગુરુજી, આ બાઈ પ્રત્યક્ષ વ્યભિચાર કરતાં પકડાઈ છે. હવે શાસ્ત્રોમાં મોશેએ આપણને એવી બાઈને પથ્થર મારીને મારી નાખવાનું ફરમાવેલું છે. તો આપ શું કહો છો?'

"આમ કહેવામાં તેમનો હેતુ એમની પરીક્ષા કરી જોઈ એમના ઉપર આરોપ મૂકવાને કંઈ બહાનું મેળવવાનો હતો. પણ ઈસુ તો નીચા વળીને આંગળી વતી ભોંય ઉપર લખવા લાગ્યા. છતાં પેલા લોકોએ પ્રશ્ન પૂછવાનું ચાલુ રાખ્યું એટલે ઈસુએ ટટ્ટાર થઈને તેમને કહ્યું, 'તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથરો મારે.' અને ફરી તેઓ નીચા વળીને ભોંય ઉપર લખવા લાગ્યા.

"એ સાંભળીને મોટાથી માંડી સૌ એક પછી એક ચાલ્યા ગયા અને ઈસુ એકલા જ રહ્યા. પેલી બાઈ તેમની સામે ઊભી હતી. ઈસુએ ટટ્ટાર થઈને તે બાઈને કહ્યું, 'બહેન, તે લોકો ક્યાં છે?! કોઈએ તને સજા ન કરી?'

"બાઈએ કહ્યું, 'કોઈએ નહીં, પ્રભુ.'

"ત્યારે ઈસુએ કહ્યું, 'હું પણ તને સજા નથી કરતો. જા, હવેથી પાપ કરીશ નહિ'" (યોહાન ૮ : ૪-૧૧).

એક અન્ય પ્રસંગે ઈસુએ લોકોને આથી પણ વધુ સ્પષ્ટ રીતે કહ્યું હતું : "તારાં પાપ માફ થયાં છે, શાંતિથી જા."

ઈસુ જો સામાન્ય માણસ જેવા માત્ર એક માણસ જ હોત તો આ શબ્દોનો ઝાઝો અર્થ રહ્યો ના હોત. કારણ, પાપ આખરે ઈશ્વર વિરુદ્ધ કરેલો અપરાધ છે. ને ઈશ્વર વિરુદ્ધ કરેલા અપરાધની કેવળ ઈશ્વર જ માફી આપી શકે. કોઈ તમારો ગુનો કરે એને બીજો કોઈ માફી આપી શકે ખરો? તમારી વિરુદ્ધ થયેલા ગુનાની કેવળ તમે જ માફી આપી શકો.

આમ આપણે ઈસુ વિશે કેટકેટલું જોયું! આપણે ઈસુનાં વાણી-વર્તન ને એમનો પ્રભાવ જોયાં, મનુષ્ય માત્ર પ્રત્યે એમનો અનગળ પ્રેમ જોયો. ઈસુના અખૂટ કરુણા ને અજાયબ શક્તિ જોઈ. હવે ઈસુ અંગે મારી જાતને મારે આટલું પૂછવાનું રહે છેઃ ઈસુ મારી શ્રદ્ધા ને મારા વિશ્વાસના અધિકારી છે કે નહિ? ઈસુ મારી આશાનો આધાર કેમ ના બની શકે?

પેલી અબળા અસહાય હતી. ઈસુ એની વહારે થયા. ઈસુએ એને સજાપાત્ર ના ઠેરવી. પરંતુ એને જીવન પરિવર્તનની તક આપી. ભૂલ્યા ત્યાંથી ફરી ગણો એવી જાતના પાશમાંથી છૂટવાની ઈસુએ રીતે બતાવીને ન્યાય તોળવા તલપાપડ બનેલાઓને પોતાની જ જાતનું ભાન રાખવાની શીખ બંધાવીઃ

"જેણે પાપ કર્યું ના એકે,

તે પહેલો પથ્થર ફેંકે." (નિરંજન ભગત)

હું મારી થોડી જાત-તપાસ કરવા ભણી વળું છું, ત્યારે હું એ જોઈને ચોંકી ઊઠું છું કે ઘણીવાર હું મારી જાતને જળોની પેઠે કેવો ચોંટી રહું છું. હું મારી જાતને સત્ય જોવા દેતો જ નથી. હું મારી આંખે સ્વાર્થના પાટા બાંધું છું. મને ખબર છે કે સત્ય ખાતર મારે ઘણો ભોગ આપવો પડશે. તેથી હું જાણીબૂઝીને આંધળા રહેવાનું જ મુનાસિબ સમજું છું.

ઈસુના જીવનનો એક પ્રસંગ મને આ વાત સ્પષ્ટ રીતે બતાવે છે. એમાં મારે સારુ ઘણા ઉપયોગી પાઠ સમાયેલા છેઃ

"રસ્તે જતાં ઈસુએ જન્મથી આંધળા એક માણસને જોયો. શિષ્યોએ તેમને પૂછ્યું, 'ગુરુજી, કોને પાપે આ માણસ આંધળો જન્મ્યો છે? એને પોતાને કે એનાં માબાપને?"

"ઈસુએ જવાબ આપ્યો, 'એના પાપે નહિ, એનાં માબાપના પાપે પણ નહિ, પણ એને સાજો કરવામાં ઈશ્વરની શક્તિ પ્રગટ થઈ શકે એટલા માટે એ આંધળો જન્મ્યો છે. દિવસ છે ત્યાં સુધી મને મોકલનારાનાં કાર્યો આપણે કરવાં ઘટે; રાત્રિના ઓળા ઊતરી રહ્યા છે, જ્યારે કોઈ કામ નહિ કરી શકે. હું જગતમાં છું ત્યાં સુધી હું જ જગતનો પ્રકાશ છું."

"એમ કહીને તેઓ જમીન પર થૂંક્યા અને એ થૂંક વતી માટીની લૂગદી બનાવીને તેમણે તે પેલા માણસની આંખે લગાડીને કહ્યું, 'જા, શિલોઆહના કુંડમાં ધોઈ આવ.' (શિલોઆહનો અર્થ 'મોકલાયેલો' એવો થાય છે.) એટલે તેણે જઈને આંખો ધોઈ, અને તે પાછો આવ્યો ત્યારે દેખતો થઈ ગયો હતો.

"એના પાડોશીઓ અને જેમણે એને પહેલાં ભીખ માગતાં જોયો હતો તેઓ બોલી ઊઠ્યા, 'બેઠો બેઠો ભીખ માગતો હતો તે જ આ માણસ નથી?"

"કેટલાકે કહ્યું, હા, તે જ છે.' બીજાઓએ કહ્યું, ના, તે નથી, પણ તેના જેવો જ છે.' એટલે પેલા માણસે કહ્યું, 'હું તે જ છું.'

"ત્યારે તે લોકોએ તેને પૂછ્યું, 'તું દેખતો શી રીતે થયો?' પેલાએ જવાબ આપ્યો, 'ઈસુ નામના માણસે માટીની લૂગદી બનાવીને મારી આંખે લગાડી, અને મને કહ્યું કે, 'શિલોઆહના કુંડમાં જઈને ધોઈ આવ.' એટલે હું જઈને ધોઈ આવ્યો અને દેખતો થઈ ગયો.'

"તે લોકોએ પૂછ્યું, 'તે ક્યાં છે?'

"પેલાએ કહ્યું, 'મને ખબર નથી.'

"પહેલાં આંધળો હતો એ માણસને ફરોશીઓ આગળ લઈ આવ્યા. હવે, ઈસુએ માટીની લૂગદી બનાવીને એને દેખતો કર્યો ત્યારે વિશ્રામવાર હતો. એટલે હવે ફરોશીઓને એને પૂછવાનો વારો આવ્યો કે, 'તું દેખતો શી રીતે થયો?' અને તેણે તેમને કહ્યું, 'તેમણે મારી આંખ ઉપર માટીની લૂગદી લગાડી, મેં ધોઈ નાખી અને હું દેખતો થઈ ગયો.'

"કેટલાક ફરોશીઓએ કહ્યું, 'આ ઈશ્વર તરફથી આવેલો માણસ નથી, એ વિશ્રામવાર પાળતો નથી.'

"બીજાઓએ કહ્યું, 'પાપી માણસ આવા ચમત્કાર શી રીતે કરી શકે?' આમ તે લોકોમાં પક્ષો પડી ગયા. એટલે તેઓએ ફરી પેલા આંધળા માણસને પૂછ્યું, 'એણે તને દેખતો કર્યો છે, તો એને વિશે તારે શું કહેવું છે?'

"તેણે કહ્યું, 'એ પયગંબર છે.'

"આ માણસ આંધળો હતો ને દેખતો થયો છે એમ માનવાને યહૂદીઓ હજી તૈયાર નહોતા. આખરે તેમણે તે દેખતા થયેલા માણસનાં માબાપને બોલાવ્યાં અને તેમને પૂછ્યું, 'આંધળો જન્મ્યો હતો, એમ તમે કહો છો એ જ આ તમારો દીકરો છે? તો અત્યારે એ દેખતો શી રીતે થયો?

“તેનાં માબાપે જવાબ આપ્યો, ‘અમે તો એટલું જાણીએ કે આ અમારો દીકરો છે, અને એ આંધળો જન્મ્યો હતો. પણ અત્યારે એ દેખતો શી રીતે થયો અને કોણે દેખતો કર્યો, એની અમને ખબર નથી; એને જ પૂછો ને! એ ઉંમરલાયક થયો છે; એ પોતે જ જવાબ આપશે.’

“યહૂદીઓના ડરથી તેનાં માબાપે આવો જવાબ આપ્યો હતો, કારણ, યહૂદીઓએ ક્યારનું નક્કી કર્યું હતું કે, જે કોઈ ઈસુને ખ્રિસ્ત તરીકે સ્વીકારે તેનો સભાગૃહમાંથી બહિષ્કાર કરવો. આથી માબાપે એમ કહ્યું કે, ‘એ ઉંમરલાયક થયો છે, એને પૂછો.’

“એટલે તેઓએ જે માણસ પહેલાં આંધળો હતો તેને ફરી વાર બોલાવ્યો અને કહ્યું, ‘ઈશ્વરને માથે રાખીને સાચું બોલ! અમને ખબર છે કે એ માણસ પાપી છે.’

“પેલા માણસે જવાબ આપ્યો, ‘એ માણસ પાપી છે કે કેમ, એ હું જાણતો નથી. હું તો એટલું જાણું છું કે આંધળો હતો છતાં અત્યારે હું દેખું છું.’

“તેઓએ પૂછ્યું, ‘એણે તને શું કર્યું હતું? તને એણે શી રીતે દેખતો કર્યો ?’

“તેણે જવાબ આપ્યો, ‘મેં તો તમને ક્યારનું કહ્યું છે, પણ તમે ક્યાં માનો છો? તમે ફરી સાંભળવા કેમ ઇચ્છો છો? તમારે પણ એમના શિષ્યો થવું છે કે શું?’

“એટલે તેઓએ તેને અપશબ્દો સંભળાવ્યા એને કહ્યું, ‘તું એનો શિષ્ય હશે, પણ અમે તો મોશેના શિષ્યો છીએ. અમને ખબર છે કે ઈશ્વર મોશે સાથે બોલ્યા હતા, પણ આ માણસ તો કોના તરફથી આવ્યો છે, એની અમને ખબર નથી.’

“પેલા માણસે કહ્યું, ‘આ તો ભારે નવાઈની વાત! એ કોના તરફથી આવ્યા છે એની તમને ખબર નથી અને એમણે તો મને દેખતો કર્યો! સૌ જાણે છે કે ઈશ્વર પાપીનું સાંભળતો નથી, પણ જો કોઈ ઈશ્વરનો ભક્ત હોય, અને તેની ઇચ્છા પ્રમાણે ચાલતો હોય, તો તેનું તે સાંભળે છે. જન્મથી આંધળાને કોઈએ દેખતો કર્યો હોય એવું તો કદી સાંભળ્યું નથી. આ માણસ જો ઈશ્વર તરફથી આવ્યા ન હોત તો એ કશું કરી ન શકત.’

“તે લોકોએ સામેથી કહ્યું, ‘તું પૂરેપૂરો પાપમાં જન્મેલો છે, અને અમને ઉપદેશ આપવા આવે છે?’ અને તેઓએ તેનો બહિષ્કાર કર્યો.

“તે લોકોએ એનો બહિષ્કાર કર્યો છે એ વાત ઈસુને કાને આવી, એટલે તેને મળીને તેમણે કહ્યું, ‘તને માનવપુત્ર ઉપર શ્રદ્ધા છે?’

“પેલા માણસે કહ્યું, ‘એ કોણ છે. પ્રભુ? આપ મને કહો એટલે હું તેનામાં શ્રદ્ધા રાખું.’

“ઈસુએ તેને કહ્યું, ‘તેં તેને જોયો છે, અને તે જ તારી સાથે વાત કરી રહ્યો છે.’

“પ્રભુ, મને શ્રદ્ધા છે!” એમ કહીને તે તેમને પગે પડ્યો.

“ત્યારે ઈસુએ કહ્યું, ‘હું જગતમાં ચુકાદો આપવા આવ્યો છું; જેથી જેઓ દેખતા નથી તે દેખતા થાય, અને જેઓ દેખતા છે તે આંધળા થઈ જાય.’

“એમની પાસે ઊભેલા કેટલાક ફરોશીઓએ આ સાંભળીને પૂછ્યું, ‘અમે પણ આંધળા છીએ?’

“ઈસુએ તેમને કહ્યું, ‘તમે જો આંધળા હોત તો તમને દોષ ન લાગત, પણ ઊલટા, તમે તો કહો છો કે, ‘અમે દેખીએ છીએ.’ એટલે તમારો દોષ કાયમ રહે છે’’’ (યોહાન ૯ : ૧-૪૧).

## સોનીઓનું હુલ્લડ

ઈસુના જીવન દરમિયાન ઈસુનાં વાણીવર્તનથી પ્રભાવિત થઈને ઘણા લોકો ઈસુના શિષ્યો બન્યા. પણ ઈસુનાં આ જ વાણીવર્તને અમુક લોકોને ઈસુના કટ્ટર વિરોધીઓ બનાવી દીધા. ધર્મના સૂત્રધારો ને ધર્મગુરુઓ ઈસુને સકંજામાં લેવાના કેવા કેવા પ્રપંચો ખેલતા હતા તે આપણે જોયું. આપણે પાછળથી જોઈશું કે ઈસુ પ્રત્યેનો એમનો આ ધિક્કાર ઈસુનું કાસળ કાઢીને જ જંપ્યો. તેમણે ઈસુને ક્રૂસ પર વધેરી નાખ્યા ત્યારે જ તેમને ટાઢક વળી.

ઈસુને પગલે ચાલનાર પ્રત્યેક જણના જીવનમાં પણ આમ જ બને છે. ઈસુના અનુયાયીને અમુક લોકો તરફથી પ્રેમ ને આદર મળે છે તો અમુક તરફથી હડહડતો ધિક્કાર. ને આમ બનતું જ રહેવાનું, સ્વાર્થ સામે ઈસુની અવિરત લડાઈ એ જ આમ બનવાનું કારણ.

સંત પાઉલ ઈસુના આરંભના અનુયાયીઓ પૈકીના એક અનુયાયી હતા, ને તેમણે સૌને ઈસુનો સંદેશો પહોંચાડવા કાજે ભેખ ધર્યો હતો. તેઓ સૌની આગળ ઘોષણા કરવા લાગ્યા હતા કે ઈસુએ સૌને પિતા પરમેશ્વર ભણી પાછા ફરવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે.

"આ જ અરસામાં ઈસુના પંથને કારણે ભારે હુલ્લડ ફાટી નીકળ્યું. દેમેત્રિયસ નામનો એક સોની આર્તિમિસ દેવીનાં ચાંદીનાં મંદિર બનાવીને કારીગરોને ઘણી રોજી પૂરી પાડતો હતો. તેણે એ કારીગરોને અને એને મળતા બીજા ધંધાઓના માણસોને એકઠા કરીને કહ્યું, 'ભાઈઓ, તમે સૌ સમજો છો કે, આપણી બધી સમૃદ્ધિનો આધાર આ ધંધા ઉપર છે. તમે જુઓ છો ને સાંભળો છો કે આ પાઉલે માત્ર એફેસસમાં જ નહિ પણ લગભગ આખા આસિયા પ્રાંતમાં પુષ્કળ લોકોને સમજાવીને તેમનાં મગજ ફેરવી નાખ્યાં છે. એ કહે છે કે માણસે બનાવેલા દેવ એ દેવ જ નથી. આમાં જોખમ રહેલું છે. આપણા ધંધાની નાલેશી થશે એટલું જ નહિ, પણ મહાદેવીના મંદિરની કશી કિંમત નહીં રહે, બલ્કે, આખા આસિયામાં અને આખા જગતમાં જેની પૂજા થાય છે તેનું માહાત્મ્ય ધૂળમાં રોળાશે.'

"આ સાંભળીને લોકનો રોષ ભભૂકી ઊઠ્યો અને તેઓ બૂમ પાડી ઊઠ્યા, 'એફેસસની આર્તિમિસ માતાકી જય!' આખા શહેરમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ અને લોકોએ પાઉલના પ્રવાસના મકદોનિયાવાસી સાથીઓ ગાયસ અને અરિસ્તબૂલસને ઘસડતા લઈ જઈને નાટકશાળા તરફ એકસામટો ધસારો કર્યો. પાઉલ ટોળામાં જવા માગતો હતો પણ શિષ્યોએ તેને રોકી રાખ્યો. આસિયાના કેટલાક અમલદારો પાઉલના મિત્ર હતા એટલે તેમણે પણ માણસ મોકલીને તેને નાટકશાળામાં જવાનું સાહસ ન કરવાની વિનંતી કરી" (પ્રેષિતોનાં ચરિતો ૧૯ : ૨૩-૩૧).

**સાચો ગોવાળ**

દિવસો વીતતા ગયા તેમ તેમ ઈસુ પ્રત્યેનો વિરોધ પણ વધતો ચાલ્યો. આમ થયા વગર રહેવાનું નથી એની ઈસુને સારી પેઠે ખબર હતી. ઈસુને ખબર હતી કે જેમને પોતે ગળે વળગાડ્યા છે તે જ પોતાનું ગળું કાપવા ઊભા થશે. છતાં પણ ઈસુ એમના પર સતત પ્રેમ વરસાવતા રહ્યા. પોતાની સામે ખંજરો ઉગામનારાઓને ઈસુએ છાતીએ વળગાડ્યા. ઈસુ સૌને સાચો પ્રેમ શી ચીજ છે તે બતાવવા માગતા હતા.

**ઈસુના સ્વમુખે આપણે આ સાંભળીએ**

"હું તમને સાચેસાચ કહું છું કે, જે કોઈ ઝાંપામાં થઈને ઝોકમાં નથી જતો, પણ બીજેથી ચડીને જાય છે તે માણસ ચોર છે અને લૂંટારો છે, પણ જે માણસ ઝાંપામાં થઈને દાખલ થાય છે તે ઘેટાંનો ગોવાળ છે. ઝાંપાવાળો એને માટે ઝાંપો ખોલે છે અને ઘેટાં તેનો સાદ સાંભળે છે; તે પોતાનાં ઘેટાંને નામ દઈને બોલાવે છે અને તેમને બહાર લઈ જાય છે. પોતાનાં બધાં ઘેટાંને બહાર લઈ ગયા પછી તે તેમની આગળ આગળ ચાલે છે, અને ઘેટાં તેનો અવાજ ઓળખે છે, એટલે તેની પાછળ પાછળ જાય છે. પણ કોઈ અજાણ્યાની પાછળ તેઓ કદી નહિ જાય; તેઓ તેનાથી ભાગી જશે, કારણ, તેઓ અજાણ્યાનો અવાજ ઓળખતાં નથી."

"ઈસુએ તેમને આ રૂપક સંભળાવ્યું. પણ તે લોકો સમજ્યા નહિ કે ઈસુ શું કહે છે?

"એટલે ઈસુએ ફરીથી કહ્યું, 'હું તમને સાચેસાચ કહું છું કે, હું ઝોકનો દરવાજો છું. મારી પહેલાં જે જે આવ્યા તે બધા ચોર અને લૂંટારા હતા અને ઘેટાંએ તેમનું સાંભળ્યું નહિ. દરવાજો હું છું.મારી મારફતે જો કોઈ દાખલ થશે તો તે સલામત રહેશે. તે અંદર પણ આવી શકશે, બહાર પણ જઈ શકશે, અને તેને ચારો પણ મળી રહેશે. ચોર તો કેવળ ચોરી કરવા, કતલ કરવા અને નાશ કરવા જ આવે છે. હું એટલા માટે આવ્યો છું કે, એમને જીવન મળે અને ભરપટ્ટે મળે.

"હું સાચો ગોવાળ છું; સાચો ગોવાળ પોતાનાં ઘેટાંને ખાતર પોતાનો પ્રાણ પાથરી દે છે. જે ભાડૂતી માણસ છે, જાતે ગોવાળ નથી, અને ઘેટાં જેનાં પોતાનાં નથી, તે તો વરુને આવતું જોઈને ઘેટાંને મૂકીને ભાગી જાય છે; અને વરુ તેમના ઉપર તૂટી પડે છે અને તેમને વેરણછેરણ કરી નાખે છે. તે ભાગી જાય છે, કારણ, તે ભાડૂતી માણસ છે, અને તેને ઘેટાંની કશી પડી નથી હોતી.

"હું સાચો ગોવાળ છું, મારાં ઘેટાંને હું ઓળખું છું અને ઘેટાં મને ઓળખે છે; જેમ મને મારા પિતા ઓળખે છે ને હું મારા પિતાને ઓળખું છું. અને ઘેટાંને ખાતર હું મારા પ્રાણ પાથરું છું.

"વળી, મારે બીજાં પણ ઘેટાં છે, જે આ ઝોકનાં નથી; તેમને પણ મારે લઈ આવવાં જોઈએ. અને તેઓ પણ મારો સાદ સાંભળશે. આમ અંતે, એક ટોળું અને એક ગોવાળ થઈ જશે.

"પિતા મારા ઉપર પ્રેમ રાખે છે, કારણ હું મારું જીવન અર્પી દઉં છું; અર્પી દઉં છું ખરો, પણ મેળવવા માટે; કોઈ એને મારી પાસેથી લઈ લેતું નથી, પણ હું જ એને મારી મેળે અર્પી દઉં છું. મને એને છોડી દેવાની સત્તા છે, તેમ એને પાછું લેવાની પણ સત્તા છે. આ આજ્ઞા મને મારા પિતા તરફથી મળેલી છે.

"આ વચનોને કારણે યહૂદીઓમાં ફરી પક્ષો પડી ગયા. ઘણા કહેવા લાગ્યા કે, 'એને ભૂત ભરાયું છે અને એનું મગજ ચસકી ગયું છે. એનું શું કામ સાંભળો છો?' બીજા કહેવા લાગ્યા 'ભૂત ભરાયું હોય એવા માણસના શબ્દો નથી આ! ભૂત આંધળાને દેખતા કરી શકે ખરું?' (યોહાન ૧૦ : ૧-૨૧).

આપણે આ પુસ્તિકામાં ઈસુનાં જે વચનો સાંભળ્યાં ને જે કાર્યો જોયાં તે વિશે ફરી એક વાર શાંતિથી વિચાર કરવાનો સમય આવી ગયો છે.

હું અહીં સાહિત્યની કોઈ રસિક કથા વાંચી રહ્યો નથી. અહીં તો હું એવી બાબતને હાથ ધરી રહ્યો છું જે મારા જીવન પર ઘેરો પ્રભાવ પાડી શકે એમ છે. મારું આ વચન મને મારા જીવનની દિશા બદલવાનો ને મારા સ્વાર્થ ને અહ્‌મના કોચલામાંથી બહાર નીકળવાનો મને પડકાર ફેંકે છે.

**પ્રાર્થના**

હે પ્રભુ, મારો અહ્‌મના જ મારો કટ્ટર શત્રુ છે.
મારો અહ્‌મ મને સ્વાર્થી બનાવે છે.
હું જે કરવા ઇચ્છતો નથી તે જ કરવા તે દબાણ કરે છે.
મારો અંતરાત્મા મને જે કરવા કહે છે
તેને આડે મારો અહ્‌મ આવે છે.
હે પ્રભુ, મને અન્યોની ચિંતા કરતાં શીખવો.
મારાં નેત્રો ખોલી નાખો, જેથી હું મારા અહ્‌મને જોવાને બદલે તમને જોઉં.
તમે તો ભલા ભરવાડ છો. મને તમારા માર્ગે ચલાવો.

**બીજી પ્રાર્થના**

પ્રભુ મારો ગોવાળ છે જાતે,
મને ઊણું ન લાગે કોઈ વાતે.
લીલુડી વાડીમાં વિરામ કરાવતો,
શીતલ ને શાંત ઝરણાતટે લાવતો,
મારે અંતરિયે જોમ છલકાવતો.
સવળે મારગ મને એ જ લઈ આવતો.
પોતાના નામનું બિરુદ સંભળાવતો.
તિમિરઘન કોતરમાં ઘૂમવાનું થાય રે,
કોઈ ડર તોય મને લાગે ન ક્યાંય રે.
પ્રભુ, મારી સંગ સંગ તું જ ચાલે સાથમાં,
હૈયે નિરાંત વળે ડાંગ જોઈ હાથમાં,
મહેફિલની મોજ મને કેવી, પ્રભુ તું ધરે!
આંખો સમીપ મુજ દુશ્મન જોયા જ કરે.
શિરે અત્તર ઢોળી મારું સ્વાગત કરે,
મારો આ પ્યાલો શો છલછલ છલકાવી દે!

તારી એ કરુણા ને તારી એ ભલાઈ રે
જીવનભર મારી સાથ રહેશે સદાય રે.
હું તો, પ્રભુજી બસ તારે આવાસ રે,
યુગો અનંત સુધી કરવાનો વાસ રે.

(સ્તોત્રસંહિતા ૨૩)

આવો, ઈસુને મળો શ્રેણીની પાંચ પુસ્તિકાઓ પૈકી આ ત્રીજી પુસ્તિકા તમારા હાથમાં છે. આ શ્રેણીની પ્રત્યેક પુસ્તિકામાં ઈસુ ખ્રિસ્ત અને તેમના ઉપદેશ વિશે પ્રમાણભૂત માહિતી આપવામાં આવી છે.

પ્રાપ્તિસ્થાન : કૅથલિક ઈન્ફરમેશન સર્વિસ સોસાયટી
અમિબેલા બિલ્ડીંગ
સન્માન હોટલની બાજુમાં
ઈન્કમટેક્ષ અન્ડરબ્રિજ ઉપર
અમદાવાદ ૩૮૦ ૦૧૪

## પ્રશ્નપત્ર - ૩
## ('આવો, ઈસુને મળો'
## પ્રકરણ - ૫ ઈસુ ગુરુ
## અને
## પ્રકરણ - ૬ ઈસુ રૂડો ગોવાળ)

**નોંધઃ** આ પ્રશ્નો તમારી ધાર્મિક માન્યતાઓની કસોટી કરવા માટે નથી. તમારા ઉત્તરોથી એ સ્પષ્ટ થશે કે તમે આ મૂળ પાઠોના અર્થ બરાબર સમજ્યા છો કે નહીં. જવાબ માટે પ્રશ્ન સાથે છાપેલી ચોરસમાં 'હા' અથવા 'ના' લખો. જ્યાં તેમ ન હોય ત્યાં ખાલી જગ્યા પૂરો. ઉત્તરો આપતી વેળાએ પુસ્તિકાની મદદ જરૂર લો.

'આવો, ઈસુને મળો' આ પાંચ પુસ્તિકાઓમાં આ ત્રીજો પ્રશ્નપત્ર છે. જો તમે બધા પ્રશ્નપત્રોના સંતોષકારક ઉત્તરો આપશો તો તમને પુરસ્કારરૂપે શુભસંદેશની એક નકલ ભેટ આપવામાં આવશે. તમે અમારો આગામી આગળનો અભ્યાસક્રમ પણ આગળ ધપાવી શકશો.

### પ્રકરણ - ૫

૧) (અ) આ ચારેય શુભસંદેશમાં કેવળ યહૂદી પ્રજાના ઇતિહાસ, ભૂગોળ, રાજકારણ અને સંસ્કૃતિનું જ વર્ણન કરવામાં આવ્યું છે.

(બ) ચારેય શુભસંદેશમાં ઈસુના જીવનની રજેરજ ને સિલસિલાબંધ બાબતો નોંધી છે.

૨) (અ) શુભસંદેશકારોએ ઈસુના જીવનની બધી ઘટનાઓ ને વચનો આલેખ્યાં છે જે પોતાના ..............................કે .........................ના જોગસંજોગ અનુસાર ઈસુનો સંદેશો એમને પહોંચાડવામાં મદદરૂપ થતાં હોય.

(બ) "................... અને ......................" ઈસુનું આ મધુર નિમંત્રણ આપણને સૌને પણ છે.

૩) (અ) ઈશ્વરને આપણા જીવનમાંથી હડસેલી દેવો ને આપણી જાતને જ દેવ માનીને પૂજવી એનું નામ છે..................; એ જ માણસની ..........................

(બ) ઈસુનાં સર્વ કાર્યોમાં ને પ્રત્યેક શબ્દમાં ઈસુની ..............................ની આપણને ઝાંખી થાય છે.

૪) શાશ્વત જીવન પ્રાપ્ત કરવા માટે શું કરવું? (પુસ્તિકાના શબ્દોમાં ઉત્તર લખો)

________________________________________

________________________________________

૫) ઈસુનાં નીચનાં વાક્યો પૂર્ણ કરો.

(અ) ત્યારે ઈસુએ તેમને કહ્યું, "બાઈ, તમારે ને મારે શું? હજી મારો સમય........................................."

(બ) "જે કોઈ પોતાને મોટો કરશે તેને નાનો કરવામાં આવશે અને જે કોઈ પોતાને .................... કરશે તેને ......................કરવામાં આવશે."

(ક) ''માનવપુત્ર જે કાંઈ ખોવાઈ ગયું છે તેને ............................ અને ........................અવતરેલો છે.''